પ્રાંતિજના અમરાપુર સંસ્કારભારતી ઉ.બુ. વિદ્યાલયમાં બોગસ વર્ગની સાથે બોગસ ભરતી

ધો. ૧૧માં એક પણ વિદ્યાર્થી ન હોવા છતાં બોગસ વિદ્યાર્થીઓની હાજરી : ધો. ૯માં પાંખી હાજરી છતાં ૩૭ની હાજરી

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ તાલુકાના ખારી અમરાપુર ગામે આવેલ સંસ્કાર ભારતી ઉ.બુ. વિદ્યાલયમાં શિક્ષકોની ખોટી ભરતી તથા લાયકાત વગરના શિક્ષકોની ભરતી અને વર્ગોમાં સંખ્યા ના હોવા છતાં ખોટી હાજરી પુરી પગારો લેવામાં આવે છે.

પ્રાંતિજના અમરાપુર ખાતે આવેલ ઉત્તર ઉ.બુ. શાળામાં પી.ટી.નો વિષય ભણાવવાનો હોતો નથી. તેમ છતાં સંસ્થાના સંચાલકની પુત્રવધૂને ખોટી રીતે ભરતી કરવામાં આવી છે અને શાળામાં પી.ટી.નો વિષય ભણાવવાનો ના હોવા છતાં ભરતી કરવામાં આવતા સંસ્થાની મનમાની જણાઈ આવે છે. જ્યારે આ અંગે ગામના અગ્રણી ઝાલા દોલતસિંહ અને ઝાલા પૃથ્વીસિંહે જિલ્લાની ડી.ઓ. ઓફિસમાં અપીલ પણ કરેલ છે. છતાં તંત્ર દ્વારા કોઈ વળતો જવાબ મળ્યો નથી. અને તંત્રની પણ મીલી ભગત હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. ત્યારે હાલ ધો૨ણ-૧૧માં નિયમોઅનુસાર સંખ્યા ન હોવા છતાં ભુતીયા વિદ્યાર્થીઓ બનાવી શિક્ષકોના ખોટા પગારો લેવામાં આવી રહ્યા છે. ત્યારે આ અંગે શિક્ષણ અધિકારીની કચેરીમાં ડી.ઓ.ને ફોન ઉપર પુછતા તેમણે જણાવ્યું કે અમારે જોવું પડશે. આદીજાતી સ્કૂલ છે કે ઉત્તર બુનિયાદી સ્કૂલ હોય તો અમારામાં લાગે. જ્યારે હાલ તો પરીક્ષા ચાલતી હોવાથી અમે તપાસ કરી શકીએ તેમ નથી

અને પરીક્ષા બાદ યોગ્ય તપાસ કરવામાં આવશે. જ્યારે ધોરણ અગિયારમાં ભુતિયા વિદ્યાર્થીઓ બનાવી શિક્ષકોના ખોટા પગારો લેવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે છાત્રાલયમાં પણ ખોટી હાજરી પુરી અઢળક ગ્રાન્ટ લેવામાં આવે છે. આ અંગે ઝાલા દોલતસિંહ જણાવે છે કે તંત્ર દ્વારા જો યોગ્ય તપાસ કરવામાં આવે તો ઘણુ એવુ બહાર આવવાની શક્યતાઓ દેખાય છે. જ્યારે શિક્ષણ જગતના લાગતા દરેક તંત્રના અધિકારીઓને લેખિતમાં માહિતી મંગાવી છે છતાં તંત્રના અધિકારીઓનું પેટનું પાણીયે હલતુ નથી અને ના છુટકે જિલ્લાની શિક્ષણ અધિકારીની કચેરી ખાતે ઉપવાસ આંદોલનમાં બેસવાની ચીમકી ઉચ્ચારી છે.

મેઘરજ તાલુકાની ૧૦૦થી વધુ શાળામાં હેન્ડપંપ બંધ હાલતમાં

પાણી પુરવઠા ખાતાની બેદરકારીથી પાણી વગર બાળકો ટળવળે છે

મેઘરજ, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ૨૪૮ પ્રાથમિક શાળાઓ આવેલી છે. જેમાં આશરે ૨૫૦૦૦ બાળકો શિક્ષણ મેળવે છે. તાલુકાની મેઘરજ જૂથ-૧ની ૫ શાળાઓ મેઘરજ જૂથ-૨ની એક શાળા, કુણોલ જૂથમાં-૧ શાળા, લીંબોદરા જૂથમાં-૩ શાળા, તુંબલીયા જૂથમાં-૩ શાળા, બાંઠીવાડા જૂથમાં બે શાળા, કસાણા જૂથમાં-૧ શાળા, વાઘપુર જૂથમાં-૨ શાળા, પાલ્લા જૂથમાં બે શાળા, માનપુર-કોટડા જૂથમાં બે શાળા, શણગાલ જૂથમાં ૩ શાળા, પાણીબાર જૂથમાં-૧ શાળા, સહિત આશરે ૧૦૦ જેટલી શાળાઓમાં પાણીના સ્તર નીચે જવાથી અને ગયા વર્ષે ઓછો વરસાદ થવાથી પાણી ઊંડું જતાં અને વગર પરમીટની મોટેરોથી ખેતી થવાથી પાણીના સ્ત્રોત હોવા છતાં પીવાનું પાણી બાળકોને ઉનાળાના પ્રારંભે ન મળવાથી આજે તો બાળકો પાણી વિના ટળવળે છે અને ઘરેથી પાણીની બાટલીઓ લઈને જવાની દશા ઉભી થઈ છે. વળી શાળામાં હેન્ડપંપ હોવા છતાં બંધ હાલતમાં જોવા મળે છે. બોટલમાં પાણી ગરમ થઈ જવાથી પીવુ નુકશાનકારક હોવાથી રોગના ભોગ વિદ્યાર્થીઓ બને છે. ત્યારે અરવલ્લી જિલ્લા પાણી પુરવઠા ખાતા દ્વારા હેન્ડપંપ રીપેરીંગ માટેની કામગીરી પણ બોદી જોવા મળે છે. જેમાં જે હેન્ડપંપો રીપેરીંગ બોલે છે તે બંધ હાલતમાં છે. જેથી સત્ય હકિકત છુપાય છે. વળી પાણી પીવાના જાહેર હેન્ડપંપોમાં આજે ૫-૬ વરસથી ખેતી માટે મોટરો ફરે છે. છતાં તે હેન્ડપંપોનું રીપેરીંગ બોલે છે. પાણી પુરવઠા ખાતુ પોતાના હેન્ડપંપોનું ફોલોઅપ કરે તો ઘણો ભ્રષ્ટાચાર બહાર આવે અને લોકોને જાહેર રસ્તા ઉપર પાણી પીવાનું મળે, પરંતુ ઓફિસની બહાર કોઈ નીકળતુ જ નથી. પછી વિકાસની વાત કેવી ?

ભિલોડાના મોહનપુર ગામે પ્રાયમસ ફાટતાં મહિલા શરીરે દાઝી

ભિલોડા, તા. ૧૭

ભિલોડા પાસેના મોહનપુર ગામે તા. ૧૭/૩/૦૧૬ ના રોજ સવારે ૯:૦૦ વાગ્યાના સુમારે જીવાભાઈ તબીયારની પુત્રી શીમાબેન ઉ. આ. વ. ૧૮ જેઓ રસોઈ બનાવવાનું કામ કાજ કરી રહ્યા હતા ત્યારે ઓચિંતો કરોસીનથી ચાલતો પ્રાઈમસ ફાટતાં શરીરે દાઝી જતાં જેઓને સારવાર અર્થે ભિલોડાની કોટેઝ હોસ્પિટલમાં લવાયા હતા. ડૉ.દિનેશભાઈ ચૌધરીએ ભિલોડા પોલીસને જાણ કરતાં ભિલોડા પોલીસએ જાણવા જોગ ફરીયાદ કરી હોવાનું જાણવા મળેલ છે.

પાલનપુરમાં પાણીના હોજમાં પડેલી બાળકીનો અદ્‌ભૂત બચાવ

પાલનપુર-આબુ હાઈવે પર સાંઈબાબાના મંદિર પાસે આવેલા એક ખેતરમાં કામ કરતા શ્રમિકની બાળકી પાણીના હોજમાં પડી ગઈ હતી. જોકે ૧૪ માસની આ બાળકીને સમયસર સારવાર મળતા તેને જીવતદાન મળતા તેનો પરિવારજનોએ હાંશકારો અનુભવ્યો હતો.

પાલનપુર સાંઈબાબાના મંદિર નજીક પશાભાઈ પટેલનું ખેતર આવેલુ છે. જ્યાં અમીરગઢ તાલુકાના રબળીયા ગામનો આદિવાસી પરિવાર ભાગીયા તરીકે કામ કરે છે. જેમાં ગતરોજ દિનેશભાઈ બુંબડીયાની ૧૪ માસની દિકરી સુમીતા રમતા રમતા ખેતરમાં આવેલા પાણી ભરેલા હોજમાં પડી ગઈ હતી. જેની જાણ ખેતર માલિક તથા બાળકીના માતા-પિતાને થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ખસેડાઈ હતી. જ્યાં ફરજ પર તૈનાત તબીબો સહિતના સ્ટાફની જહેમત થકી ગંભીર અવસ્થામાં રહેલી બાળકીને નવજીવન મળ્યું હતું. જેના કારણે આ આદિવાસી પરિવારના ઉદાસ અને ગમગીન ચહેરો પુનઃ ખીલી ઉઠ્યો હતો.

ડીસામાં રામપુરા ખાતે પડકારજનક ક્ષેત્રની કારકિર્દી પસંદ કરનાર નારી શક્તિનું સન્માન કરાયું

ડીસા, તા. ૧૭

૮ માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવાયેલા વિશ્વ મહિલા દિનના ભાગરૂપે બી.કે. ન્યૂઝ દૈનિક અને

રામપુરા જાગીર મઠ દ્વારા મહંત કે.ડી. આદર્શ હાઈસ્કૂલ ખાતે પડકારજનક ક્ષેત્ર ગણાતા મિડીયા અને એસ.ટી. નિગમમાં કંડકટર તરીકે ફરજ બજાવતી મહિલાઓનો સન્માન સમારંભ રામપુરા જાગીર મઠના મહંત રૂપપુરી સ્વામી અને મઠના કારભારી સાધ્વી નિર્મલાપુરીજીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં આ પ્રસંગે બોલતા સાધ્વી નિર્મલાપુરીજીએ જણાવ્યું હતું કે ભારત વર્ષમાં આદિકાળથી નારી શક્તિને સન્માનવાની પરંપરા ચાલી આવે છે. આજે બી.કે. ન્યૂઝ દૈનિક અને રામપુરા જાગીર મઠ દ્વારા મહિલાઓ માટે પડકાર રૂપ એવી મિડીયા લાઈન અને એસ.ટી. બસના કંડકટર તરીકે કારકિર્દી પસંદ કરનાર બહેનોની હિંમતને દાદ આપી તેમણે ભુતકાળમાં થઈ ગયેલ નારી રત્નો સાથે સરખાવી માનવજીવનમાં નારીનું મહત્વ સમજાવી જે તે ક્ષેત્રે ફરજ બજાવતી નારીને પોતાની મર્યાદામાં રહી પુરૂષ સાથે ખભેખભો મિલાવી કોઈ પણ પ્રકારના ડર વિના પ્રગતિના શિખરો સર કરી કુટુંબ, સમાજ અને સમસ્ત નારી જાતને ગૌરવ બક્ષવા અને આજની નારીઓને પ્રેરણા પુરી પાડવા હાંકલ કરી હતી. રામપુરા જાગીર મઠના મહંત રૂપપુરી સ્વામીએ જગતમાં નારી શક્તિનું સ્થાન અને આજના યુગમાં નારી પુરૂષ સમોવડી બની તમામ ક્ષેત્રે આગળ વધે દિકરી અને નારીનું હંમેશા સન્માન થવું જોઈએ. તેવા અનુરોધ સાથે દિકરીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. ગુજરાત એસ.ટી. નિગમના ડીરેક્ટર દિનેશભાઈ અનાવાડીયાએ રામપુરા જાગીરમઠ અને બી.કે. ન્યૂઝ દૈનિકની આ સંયુક્ત પહેલને આવકારી મહિલાઓના સન્માનને આદર્શ સમાજનું દર્પણ જણાવ્યું હતું.

પાલનપુર એસ.ટી. વિભાગીય નિયામક કમલ હુસેને બનાસકાંઠામાં અગ્ર હરોળના અખબાર બી.કે. ન્યૂઝ દૈનિક અને રામપુરા જાગીર

મઠના મહત્વના કાર્યને બિરદાવી મહિલાઓને પ્રોત્સાહિત કરી નવી પહેલ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે આઈ.ડી.એસ. ઘટકના અધિકારી આરતીબેન પટેલે મહિલાઓને તમામ ક્ષેત્રે આગળ આવવા અનુરોધ કર્યો હતો.

રામપુરા જાગીર મઠના મહંત રૂપપુરી સ્વામી અને કારભારી નિર્મલાપુરીનો અનન્ય સહયોગ સાંપડ્યો છે. સમાજ પણ આવી રીતે નારી શક્તિનું ગૌરવ કરતો રહેશે તો જરૂર મહિલાઓ પુરૂષ સમોવડી બની નારી શક્તિની આગવી તાકાત વડે નવું નિર્માણ કરશે. બી.કે. ન્યૂઝ દૈનિકના સ્થાપના કાળથી પાયાના પથ્થર રૂપ સમાન અને બી.કે. ન્યૂઝ દૈનિકની ચડતી પડતીમાં ઢાલરૂપ બની રહેલા બી.કે. ન્યૂઝ દૈનિકના નિવાસી તંત્રી ભારતી પરમારનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિદ્ધપુર ડેપોના વર્કશોપ વિભાગના એકમાત્ર મહિલા કર્મચારી ધર્મિષ્ઠાબેન કાપડીયા, એસ.ટી.ના હેલ્પરો, મિડીયા ક્ષેત્રે ફરજ બજાવતી બહેનોનું પણ ચાંદીના સિક્કા, પ્રમાણપત્ર, શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

રૂપાલમાં દહેજ માગી પરિણીતાને ધમકી આપતા ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે રહેતા હીનાબેન ભોઈને તેમના પતિ પરેશભાઈ દિનેશભાઈ ભોઈ, રેવાબેન દિનેશભાઈ ભોઈ અને અનિતાબેન દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજ પેટે પિયરમાંથી રૂ. ૧ લાખ લઈ આવવા માટે કહી કાઢી મુકી હતી. ત્યારબાદ સાસરીયા દ્વારા હીનાબેનને તેમના પિતાજીના ઘરે જઈને પણ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. જેથી હીનાબેને પતિ સહિત ત્રણેય સાસરીયા વિરૂદ્ધ મંગળવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર આરોગ્યલક્ષી કાર્ડ કૌભાંડ બનાવનાર આરોપી પોલીસ પકડથી દૂર

મોડાસા, તા. ૧૭

આરોગ્ય વિભાગ દ્વારા પુરા પાડવામાં આવતા મા વાત્સલ્ય કાર્ડ જેવા અસ્સલ જેવા જણાતા ૨૦૦૦થી વધુ નકલી કાર્ડ બનાવનાર આરોપી હજુ પોલીસ પકડથી બહાર છે. ત્યારે નકલી મા વાત્સલ્ય કાર્ડના આંકડામાં મોટો વધારો થવાની અને કૌભાંડી આરોપીએ આચરેલા કૌભાંડની રકમનો આંક પોણા કરોડ સુધી પહોંચશે તેવી આશંકાઓ સેવાઈ રહી છે. ત્યારે નકલી કાર્ડથી સારવાર લેનાર ૩૬ પરિવાર પૈકી ૧ ટીંટોળના શખ્સનું કાર્ડ જપ્ત કરાયું હતું.

મોડાસામાંથી ઝડપી પડાયેલ બે હજારથી વધુ નકલી મા વાત્સલ્ય કાર્ડ કૌભાંડના મુખ્ય સૂત્રધાર એવા આરોપી કીરીટ અમીન વિરૂદ્ધ છેતરપીંડી, વિશ્વાસઘાત, ઠગાઈ, સરકારના નામે છેતરપીંડી અને સાઈબર ક્રાઈમ હેઠળ ગુનો નોંધાયો છે. અને નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતીમાન કર્યા છે. ત્યારે બુધવારના રોજ જિલ્લા આરોગ્ય કચેરી એક કાર્ડ ધારક કાર્ડ બ્લોક થઈ ગયું હોવાની ફરીયાદ કરવા આવતાં અને તપાસના અંતે કાર્ડ નકલી હોવાનું માલુમ પડતાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માએ આવું નકલી કાર્ડ જપ્ત કર્યું હતું.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માના જણાવ્યા મુજબ પ્રારંભિક તપાસ દરમ્યાન જે કાર્ડ ઈસ્યુ થયા છે તેવા કાર્ડધારકના જરૂરી પુરાવાઓ નથી કે પછી ખોટા પુરાવા રજુ કરાય છે તેવા ૨૦૦૦ કાર્ડ ઝડપાયા છે. અને આવા નકલી કાર્ડ ધારકો પૈકીના ૩૬ પરીવારોએ નકલી કાર્ડના આધારે ખોટી રીતે અંદાજે રૂપિયા ૧૦ લાખ સુધીની સારવાર મેળવતાં કૌભાંડીએ નકલી કાર્ડ આપી લોકોને તો ખંખેરી લીધા છે પરંતુ સાથોસાથ ગુજરાત સરકારને પણ ભારે નુકશાન પહોંચાડ્યું છે. નકલી કાર્ડના આધારે ખોટી રીતે સારવાર મેળવનાર તમામ ૨૬ પરીવારો પાસેથી ખર્ચાયેલી રકમ વસુલવામાં આવનાર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

જ્યારે નકલી કાર્ડ બનાવનાર આરોપી કૌભાંડીએ અસ્સલ પુરાવા મેળવી સાચા લાભાર્થીને ખોટી રીતે વધુ રકમ વસુલી જે કાર્ડ ઈસ્યુ કર્યા હશે તે આંકડો હજુ પોલીસ તપાસના અંતે બહાર આવશે એમ જણાવાયું હતું.

આમ માત્ર નકલી પુરાવા કે પુરાવા વગર ઝડપાયેલા બે હજાર કાર્ડ બનાવનાર આરોપીએ રૂપિયા ૪૦ લાખ લોકો પાસેથી ખંખેરી લીધા છે. ત્યારે અન્ય નકલી કાર્ડનો આંકડો બહાર આવશે ત્યારે કૌભાંડ પોણા કરોડને પાર કરી જશે એમ મનાઈ રહ્યું છે.

અરવલ્લીમાં ભૂમિપુત્રો ચિંતાતુર

તાજેતરમાં આવેલા હવામાનના પલટાના કારણે અરવલ્લી જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ સહિતના વિસ્તારોના ખેડૂતોમાં ચિંતાના વાદળ છવાયાં છે. એકબાજુ ખેતરમાં વરિયાળી, ઘઉં તથા રાયડાનો પાક તૈયાર થઈને ઝુલી રહ્યો છે. ત્યારે જો માવઠુ પડે તો ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવે તેમ છે. છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો ઘેરાતાં અનેક ખેડૂતોએ ઘઉંનો પાક થ્રેશરમાં નાખી ઘરભેગો કરવા લાગી ગયા છે. માવઠું થાય તો હાથમાં આવેલો કોળિયો ઝુંટવાઈ જશે.

ધાનેરાના એસ્સાર પેટ્રોલ પંપ પર તંત્ર દ્વારા દરોડા

ધાનેરા, તા. ૧૭

બનાસકાંઠાના ધાનેરામાં આવેલા એસ્સાર પેટ્રોલ પંપ પર તંત્ર દ્વારા દરોડા કરતા ચકચાર મચી જવા પામી હતી અને તંત્ર દ્વારા પેટ્રોલ અને ડીઝલના સેમ્પલ પણ લેવાયા હતા

તો બીજી તરફ ધાનેરાના લોકો જણાવી રહ્યા છે કે જો તંત્ર દ્વારા મહિનામાં એક વખત ઓચિંતા દરોડા કરે તો મોટુ કૌભાંડ બહાર આવે.

સમગ્ર ગુજરાત રાજ્યના પેટ્રોલ પંપ પર ગ્રાહકોને ઓછુ ડીઝલ અને પેટ્રોલ આપી ગ્રાહકો સાથે ખુલ્લેઆમ લુંટ ચલાવી રહ્યા છે. ત્યારે હવે તંત્ર જાગ્યું છે અને આવા પેટ્રોલ પંપના માલિકો સામે કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતભરમાં એસ્સાર કંપનીના આવેલા પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ અને ડીઝલ ઓછું મળી રહ્યું છે. આ બાબતે પેટ્રોલ ડીઝલ પુરાવતા ગ્રાહકો દ્વારા તોલમાપ વિભાગ સહીત સરકારના સત્તાધીશોને જાણ કરવામાં આવી હોવા છતાં કોઈજ તપાસ કરવામાં આવી નથી જેનો એસ્સાર કંપની ફાયદો ઉઠાવી રહી છે તેથી હવે લોકોએ પણ એસ્સાર કંપનીમાં પેટ્રોલ ડીઝલ પુરાવતા પહેલા સો વાર વિચારવું પડશે ત્યારે સમગ્ર ગુજરાતમાં ચાલતા આ કૌભાંડનો પર્દાફાશ થયો છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આવેલા એસ્સાર પેટ્રોલ પંપ પર ધાનેરા મામલતદાર અને પુરવઠા મામલતદાર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પેટ્રોલ પંપ પર તોલ માપ ચેક કરવામાં આવ્યું હતું અને પેટ્રોલ તેમજ ડીઝલના સેમ્પલો પણ લેવાની તજવીજ હાથ ધરી હતી તો બીજી તરફ ધાનેરાના લોકો જણાવી રહ્યાં છે કે જો તંત્ર દ્વારા આવા પેટ્રોલ પંપ પર ઓચિંતા દરોડા કરવા જોઈએ અને મહિનામાં એકવાર ઓચિંતા દરોડા કરવાથી મસ મોટુ કૌભાંડ બહાર આવવાની પુરેપુરી શક્યતા સેવાઈ રહી છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર દ્વારા ફક્ત બે દિવસ તપાસનો દોર ચલાવી મુકી દે છે કે પછી લોકોની માંગણીને માન આપી દર મહીને દરોડા કરે છે તે તો આવનારો સમય જ બતાવશે.

મોડાસામાં બે મકાન એક દુકાનને તસ્કરોએ નિશાન બનાવી

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ટાઉન પોલીસતંત્રની નિષ્ક્રિય કામગીરીથી શહેરમાં ઘરફોડ ચોરીના બનાવોમાં એકાએક વધારો જોવા મળી રહ્યો છે. મોડાસા ટાઉનપોલીસ છેલ્લા બે મહિનામાં થયેલી ૨૦ થી વધુ ઘરફોડીયાઓ ટાઉન પોલીસની કામગીરીના ધજીયા ઉડાવી રહ્યા હોય તેમ સોમવારે રાત્રીના સમયે લઘુમતી વિસ્તારમાં બે મકાન અને ૧ દુકાનને નિશાન બનાવી લાખ્ખો રૂપિયાની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પોલીસ તપાસ કરી જતી રહી. ટાઉન પોલીસ ગુન્હા

ઘરફોડ ચોરીઓ ઉકેલવા કહેવા પુરતી મથામણ કરી રહી હોય તેમ હજુ સુધી એક પણ ચોરીની ઘટનામાં તસ્કરોને પકડવામાં સફળતા મળી નથી. મોડાસા ટાઉન પોલીસની નબળી કામગીરીથી નગરજનોમાં ઉશ્કેરાટ જોવા મળી રહ્યો છે. જિલ્લા પોલીસવડા દ્વારા ઘરફોડ ચોરોને ઝડપવા અસરકારક કામગીરી બજાવતા અધિકારીઓ કે જિલ્લા એલસીબી પોલીસતંત્ર દ્વારા તપાસ કરવા ઉગ્ર માંગ ઉઠી છે. ઉકેલવામાં નિષ્ફળ રહેતા પ્રજાજનોએ પણ પરીયાદ નોંધાવવાનું ટાળ્યું હતું.

મોડાસા શહેરમાં તસ્કરો પોલીસની નિષ્ફળ કામગીરીનો લાભ ઉઠાવવા શહેરને ફરીથી ઘમરોળવાનુ શરૂ કર્યું છે. મોડાસા સહારા નગર વિસ્તારમાં રહેતા ઈશાકભાઈ અલીભાઈ નોરી અને ગુલામહુસેન અહેમદભાઈ ઘાંચીના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ દરવાજાના તાળા તોડી અંદર રહેલી તીજોરીનો દરવાજો તોડી અંદર રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી અંદાજે લાખ રૂપિયાનો મુદ્દામાલની ચોરી કરી ડુગરવાળા રોડ પર નકસબંધ નજીક આવેલી બાબા અશરફી કરિયાણા સ્ટોર્સમાંથી રૂ. ૭ હજાર રોકડા, સુકા મેવાનો જથ્થો, ચાના પડીકા સહિત અન્ય કરિયાણાનો માલ-સામાન ચોરીને લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા. સોમવારે રાત્રીના સમયે તસ્કરોએ તરખાટ મચાવતા લઘુમતિ વિસ્તારમાં રહેવાસીઓ ભયના ઓથા હેઠળ આવી ગયા છે. લઘુમતિ વિસ્તારના પ્રજાજનોએ મોડાસા ટાઉન પોલીસ તંત્ર દ્વારા નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા અને લઘુમતિ વિસ્તારમાં થતી ચોરી-લૂંટની ઘટનાઓ અટકાવવા મહિલાઓ દ્વારા રેલી સ્વરૂપે આવેદનપત્ર જિલ્લા કલેક્ટરને આપી જિલ્લા કલેક્ટર કચેરી આગળ પોલીસતંત્રની નિષ્ફળ કામગીરી અંગે સુત્રોચ્ચાર પોકારવા છતાં પોલીસતંત્રની નિષ્ફળ કામગીરીથી તોબા પોકારી ઉઠ્યા છે. અને ટાઉન પોલીસ ચોરી-ગુન્હા ઉકેલવામાં નિષ્ફળ રહેતા પોલીસ ફરિયાદ કરવાનુ પણ ટાળી રહ્યા છે. મોડાસા શહેરના નગરજનો છેલ્લા પાંચ મહિનાથી ભગવાન ભરોસે જીવી રહ્યા હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે.